**વાદીની આંક–૫ થી રજુ સી.પી.સી ઓર્ડર ૩૯ રૂલ ૧ અંતર્ગતની વચગાળાના મનાઈ હુકમ મેળવવા અંગેની અરજી હેઠળ હુકમ**

---

(૧) વાદીએ હાલનો દાવો દાવા અરજીમાં જણાવ્યા મુજબ રાણપુર ગ્રામ પંચાયત, ભેંસાણ તાલુકા પંચાયત, જુનાગઢ જિલ્લા પંચાયત તથા જિલ્લા આરોગ્ય અધીકારીશ્રી વિરૂધ્ધ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે. વાદીએ વધુમાં રજુઆત કરેલી છે કે, તેઓના પિતા લખમણભાઈ ઉર્ફે લખુભાઈ તરપરા જુનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના રાણપુર ગામની સીમમાં સર્વે નંબર–૧૨ ની જમીન ધરાવતા હતા. જે જમીનમાંથી ૧૬ ગુંઠા એટલે કે ૧૬૦૦ ચો.મી જમીન ગ્રામ પંચાયત–રાણપુરને પ્રસુતિગૃહ બનાવવા માટે આપી હતી. આ અંગે પ્રતિવાદી નં.૧ ના એ તા.૦૮/૦૮/૧૯૬૧ ની મીટીંગમાં ઠરાવ કરી સર્વે નં.૧ ૨ પૈકી ૧૬૦૦ મીટર જમીન પ્રસુતિગૃહ માટે જિલ્લા લોકલ બોર્ડને સોંપવા તથા બાકી જમીન પર પ્રસુતિ માટે આવતા કેસોમાં તેમના સગાઓને ઉતારવા તથા અન્ય મહીલા પ્રવૃતિના વિકાસ માટે મકાનો બાંધવા ઠરાવેલ હતુ. જે ઠરાવમાં તે જમીન તે કામના જ ઉપયોગમાં લેવા બાંહેધરી આપેલ હતી. વાદીએ વધુમાં જણાવેલ છે કે, તેઓના પિતાએ જે જમીન આપી તે અંગે ધોરણસરનું કોઈ બક્ષીસ દસ્તાવેજ થયેલ નહી કે વીધીસર કોઈ કબજો સોંપાયો નહી. વાદીએ વધુમાં જણાવેલ છે કે, જમીન પર પંચાયતે કોઈ બાંધકામ કરેલ નહી પરંતુ શ્રીમતી કેસરબેન અવલાણીએ પ્રસુતી ગૃહ બંધાવી દીધેલ, જે ૧૯૬૫ માં બાંધવામાં આવેલ અને તેની પ્રવૃતિ ૧૯૯૩ પહેલાથી બંધ થઈ ગયેલી અને તે મકાન પડી ગયેલ છે.

વાદીએ વધુમાં જણાવેલ છે કે, ૧૯૬૨ પછી પંચાયત રાજ આવતા પ્રતિવાદી નં.૨ અને ૩ ની રચના થતા દરેક ગામમાં પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર કે જેમા દવાખાના અને પ્રસુતિગુહ નો સમાવેશ થાય છે. તેમજ હવે પંચાયત એકટ અમલમાં આવતા પ્રસુતિગૃહ વગેરેની જવાબદારી પ્રતિ નં.૧ ની રહેતી નથી. જેથી જે હેતુ માટે જમીન બક્ષીસ આપવામાં આવેલી હતી તે હેતુ નિષ્ફળ ગયેલો હોય પ્રતિવાદી નંબર–૧ એ સદર જમીન પરત કરવી જોઈએ.

વાદીએ વધુમાં રજુઆત કરેલી છે કે, વાદીના પિતાએ જે હેતુ માટે જમીન આપેલી હતી તે હેતુ માટે ઉપયોગ ન કરીને હવે પ્રતિવાદી નં.૧ તે જમીન પ્રતિવાદી નંબર–૨ અને ૩ નાને પ્રાર્થમીક આરોગ્ય કેન્દ્રના સ્ટાફના રહેણાંક કવાટર્સ બનાવવા માટે આપવા ધારે છે. વાદીએ વધુમાં રજુઆત કરેલી છે કે, બક્ષીસ મુજબ પ્રતિવાદી નંબર–૧ ના જાતે પ્રસુતિગૃહ બાંધવા માટે હકકદાર હતા, જે અધિકારનો તેમણે ઉપયોગ કરેલો નથી અને શરતભંગ હોવા છતા પ્રતિવાદી–૨ અથવા ૩ ને અન્ય હેતુ માટે જમીન આપી શકે નહી. તેમજ જણાવીને પોતાની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ હુકમની અરજીમાં જણાવ્યા મુજબની દાદ માંગેલી છે.

વાદી દ્વારા પોતાના દાવા અને આંક ૫ ની મનાઈ હુકમની અરજીના સમર્થનમાં માર્ક ૪/૧ થી ૪/૧૪ ના દસ્તાવેજો પર અધાર રાખવામાં આવેલ છે.

(૨) વાદીના દાવા અને કામચલાઉ મનાઈ હુકમની અરજી બાબતે આ કામના પ્રતિવાદી પક્ષને નોટીસ દ્વારા જાણ કરવામાં આવતા પ્રતિવાદી નંબર–૩ અને ૪ દ્વારા આંક–૧૮ થી વાંધા જવાબ રજુ કરવામાં આવેલા છે. જયારે પ્રતિવાદી નંબર–૧ અને ૨ ને નોટીસ બજેલ હોવા છતા કોર્ટ સમક્ષ હાજર નહી રહેતા તેઓ સામેનું કામ એકતરફી ચલાવવા માટે આદેશ કરવામાં આવેલો હતો.

ઉપરોકત દાવા જવાબ વંચાણે લેવામાં આવેતો તેમા, મુખ્ય રૂપથી વાદીએ દાવા અરજીમાં કરેલા આક્ષેપોનો ઈન્કાર કરેલ છે અને પોતાનો પક્ષ રજુ કરતા એવી હકીકત જણાવેલી છે કે, વાદીના પિતાએ આપેલી જમીન પર કેસરબેન રાવલાણીએ પ્રસુતીગૃહ બંધાવી દીધેલ હતું અને તેનો ઉપયોગ થતો હતો તેવુ વાદી જણાવતા હોય જે હેતુ માટે જમીન આપવામાં આવેલી હતી તે હેતુનો ભંગે થયેલો ગણાય નહી. પ્રતિવાદી પક્ષ દ્રારા વધુમાં જણાવવામાં આવેલ છે, તે પ્રસુતીગૃહનું મકાન સમય જતા પડી ગયેલ હોય તની જગ્યાએ નવા મકાનના બાંધકામની મંજુરી મળેલી છે અને જેના બાંધકામની કામગીરી માટેની કાર્યવાહી ચાલુ છે, જેથી સદર જમીન બીન ઉપયોગી રહેલ હોવાની હકીકત ખરી નથી. પ્રતિવાદીએ વધુમાં જણાવેલ છે કે, વાદવાળી જગ્યાએ સરકારશ્રીના નીયમો મુજબ એક સબ સેન્ટર (પેટા કેન્દ્ર) ના નવા મકાન બાંધકામ માટેની મંજુરી મળેલી છે. જેના બાંધકામની કામગીરી ચાલુ છે. જે નવા બાંધકામ સાથેના પેટા આરોગ્ય કેન્દ્રમાં આરોગ્ય વિષયક અતી આવશ્યક એવી પ્રસુતી સેવાઓ ગામના તેમજ આજુબાજુના વિસ્તારના લોકોને તેનો સીધો અને મહત્તમ લાભ મળે તે રીતે બનાવવામાં આવી રહેલ છે. જેથી વાદીના પુર્વજોની વાદવાળી જમીન પર પ્રસુતી સેવાઓ અપાય તે અંગેની લાગણી જળવાય રહેશે અને તે અંગેની જાણ વાદી વકીલશ્રીને નોટીસના જવાબના રૂપમાં કરવામાં આવેલી છે. આમ, વિવાદીત સ્થળ પર પેટા આરોગ્ય કેન્દ્રનું બાંધકામ કરવામાં આવનાર હોય, તેમા પ્રસુતિ સેવા પણ ઉપલબ્ધ થતી હોય કોઈ શરત ભંગ થયેલો નથી તેમ જણાવીને વાદી દ્રારા માંગવામાં આવેલ કામચલાઉ મનાઈ હુકમ નામંજુર કરવા રજુઆત કરેલી છે.

(૩) ઉપરોકત તમામ રજુઆતો તથા કાયદનો સ્થાપીત સિધ્ધાંત ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, સી.પી.સી ઓર્ડર ૩૯, રૂલ ૧ અંતર્ગતી હાલની

કામચલાઉ મનાઈ હુકમની અરજીના નિર્ણય માટે કોર્ટ દ્રારા નીચેના મુદાઓ અંગે વિચાર કરવાઓ રહે છે, **(અ) શું વાદીનો પ્રર્થમ દર્શનીય કેસ છે ?, (બ) શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન થવા સંભવ છે ?,(ક) શું સગવડ ની સંમતુલા વાદીની તરફેણમાં છે ?** જો વાદી તથા પ્રતિવાદી પક્ષનો કેસ અને રજુ પુરાવાઓ પ્રર્થમ દર્શનીય જોતા ઉપરોકત ત્રણે પ્રશ્નોનો જવાબ હકારમાં આપવા પાત્ર થતા હોય તો વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર થાય છે. પરંતુ જો ઉપરોકત ત્રણે પ્રશ્નો માંથી કોઈ પણ એક પ્રશ્નનો જવાબ નકારમાં આપવો પડે તો વાદી માંગ્યા મુબજનો મનાઈ હુકમ મેળવી શકતા નથી. જે પ્રાથમીક સિધ્ધાંત ઘ્યાન સમક્ષ રાખીને હાથ પરના કેસની ચર્ચા અને રજુ થયેલા પુરાવાઓનું પ્રર્થમ દર્શનીય મુલ્યાંકન કરવામાં આવેતો તે નીચે મુજબ છે.

(૪) હાલના કેસમાં જોવામાં આવેતો વાદીની મુખ્ય તકરાર એવી છે કે, વાદીના પિતાએ જે હેતુ માટે દાવા વાળી ૧૬૦૦ ચો.મીટર જમીન આપેલી હતી, તે હેતુ માટે જમીનનો ઉપયોગ કરવામાં આવતો ન હોવાથી અને અન્ય ઉપયોગમાં લેવાતી હોવાથી આપેલ બક્ષીસ રદ ઠરે છે અને જેથી પ્ર તિવાદીએ તે જમીન પર કોઈ બાંધકામ કરવુ જોઈએ નહી. વાદી પક્ષ દ્રારા તે હકીકત દર્શાવવા માટે મુખ્ય રૂપથી માર્ક-૪/૧ ના દસ્તાવેજ (પ્રતિવાદી નંબર-૧ નો તા.૦૮/૦૮/૬૧ ના રોજનો હોવાનું કહેવાતા ઠરાવ) પર આધાર રાખવામાં આવેલો છે. જે સંપુર્ણ ઠરાવ વંચાણે લેવામાં આવેતો, જે હેતુ માટે જમીન આપવામાં આવેલી હતી, જો તે હેતુ માટે જમીનનો ઉપયોગ ન થાય તો તેવા કિસ્સામાં બક્ષીસ રદ થશે અને વાદી પક્ષને આવી જમીન પરત કરવાની થશે તેવી કોઈ સ્પષ્ટ શરત લખવામાં આવેલી નથી. વધુમાં સદર જમીન ત્યારની જરૂરીયાત મુજબ મુખ્ય રૂપથી

પ્રસૃતિગૃહ માટે અને પ્રસૃતિ માટે આવતા કેસોમાં તેમના સગાઓને ઉતરવા માટેના અને અન્ય મહીલા પ્રવૃતિના વિકાસ માટેના મકાનો બાંધવાના અતિ શુભ આશયથી આપવામાં આવેલ હતી અને તે જમીન ગામતળમાં ભેળવવામાં આવેલી હતી. વાદીના કથન મુજબ ત્યાર બાદ જે જમીન પર કેસરબેન અવલાણીએ પ્રસુતિગૃહ બંધાવી દીધેલ હતુ,જે પ્રવૃતિ ૧૯૯૩ થી કે તે પહેલાથી બંધ થઈ ગયેલી હતી. ત્યાર બાદ તે મકાન ખંડેર હાલતમાં ફેરવાઈ ગયેલુ હતુ. જે વિવાદીત જમીન પર મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જુનાગઢના પત્ર ક્રમાંક:– જિ.પં/આરો/ગ્રા.અ/સબસેન્ટર/જમીન ફાળવણી/૪૩૯–૪૭૫/૧૬, તા.૦૪/૦૧/૧૬ માર્ક:–૪/૪ થી રજુ પત્ર મુજબ પેટા આરોગ્ય કેન્દ્રનું બાંધકામ થનાર હોવાનુ જણાઈ આવે છે. આવા સંજોગોમાં વાદીના પિતાએ જે અતિ શુભ હેતુ માટે જમીન આપેલી હતી પ્રસૃતિગૃહ બનાવવાનો હેતુ માર્યો જતો હોય તેવુ જણાતુ નથી. પરંતુ તે શુભ હેતુમાં વધુ ઉમેરો થઈ પ્રસૃતિગૃહ સહીતની વધારાની મેડીકલ સગવડ મળી શકે તેવુ સબસેન્ટરની સ્થાપના થવા જઈ રહેલી છે. આવા સંજોગોમાં પ્રતિવાદી પક્ષ દ્રારા જે હેતુ માટે જમીન મળેલી હતી તે હેતુ ફેર થતો હોવાનું પ્રર્થમ દર્શનીય કહી શકાય તેમ નથી. જેથી વાદીનો પ્રર્થમ દર્શનીય કેસ જણાઈ આવતો નથી. વધુમાં જો માંગવામાં આવેલ મનાઈ હુકમ આપવામાં આવેતો એક નાનકડા ગામમાં ઉભી થનારી આરોગ્ય લક્ષી પાયાની સુવિધાના શુભ કાર્યમાં વિઘ્ન ઉત્પન્ન કરી ગામલોકોના હીતને જોખમમાં મુકવા સમાન છે. વધુમાં જો દાવાના આખરી નિર્ણય બાદ પ્રતિવાદીએ હેતુ ફેર કરીને જમીનનો ઉપયોગ કરેલ હોવાનું અને વાદી આવી જમીન પરત મેળવવા હકદાર હોવાનું માની શકાય તેવી રીતે પુરવાર થાય તો વાદીને ત્યાર બાદ જમીનનો કબજો અને મિન્સ પ્રોફીટ પણ ચુકવવા હુકમ થઈ શકે છે. જે ધ્યાને લેતા વાદીનો પ્રર્થમ દર્શનીય કેસ નથી, સગવડની સમતુલા

વાદીની તરફેણમાં નથી, તેમજ માંગવામાં આવેલ મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાંણામાં ન આંકી શકાય તેવુ કોઈ નુકશાન થવા સંભવ નથી.

# –:હુકમ:–

વાદી ની આંક ૫ થી રજુ સી.પી.સી ઓર્ડર ૩૯ રૂલ ૧ અંતર્ગત ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

ખર્ચ અંગે કઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ **તા.૧૧ મી, માહે: ડીસેમ્બર, સને: ૨૦૨૦** ના રોજ ખુલ્લી કોર્ટ માં જાહેર કર્યા.

સ્થળ :– જુનાગઢ
તારીખ:– ૧૧/૧૨/૨૦૨૦

**(મિહિરદેવસિંહ જે. ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
જુનાગઢ
જીજે ૦૦૮૦૯